## ૮ (૨) પ્લાસ્ટીક, લાકડા, રૂનાં રમકડાં

### ૧. પ્રસ્તાવના

#### અ. ઉપયોગીતા :-

પ્લાસ્ટીક લાકડા તથા રૂના રમકડાંનો ઉપયોગ બાળકોને મનોરંજન પીરસવા તથા મનોરંજન સાથે શિક્ષિમ કાર્ય કરવા માટે ઉપયોગી છે.

પ્લાસ્ટીક લાકડા તથા રૂના નયન રમ્ય રમકડાં આધુનિક જમાનામાં ડ્રોઈંગ રૂમના શો કેસમાં પ્રદર્શિત કરવામાં આવે છે.

#### બ. બજાર અને બજાર વ્યવસ્થા :-

પ્લાસ્ટીક લાકડા તથા રૂના રમકડાનું વેચાણ ખાસ કરીને રમકડાં વેચતી દુકાનો જે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં આવેલી હોય છે. તેના દ્વારા બજાર વ્યવસ્થા ગોઠવી શકાય. વળી ધાર્મિક તહેવારોમાં ભરાતા લોકો મેળાઓમાં પણ રમકડાના વેચાણનું એક આગવું બજાર હોય છે. ગુજરાત ગ્રામ્ય ઉદ્યોગ બજાર સંસ્થા મારફતે પણ ઉત્પાદનનું વેચાણ કરી શકાય.

#### ક. ધારણાઓ :-

(૧) ઉદ્યોગ ખાસ કરીને જીલ્લા તથા તાલુકા મથકે કરી શકાય.

(૨) ઉદ્યોગ શરૂ કરનારને કાચામાલના પ્રામી સ્થાનો હર હમેશ બદલાતી રહેતી ફેશન તથા કલા કારીગરીની સવિસ્તાર માહિતી તથા જ્ઞાન હોવું જરૂરી છે.

(૩) ત્રણેય પ્રકારના રમકડાં કે તે પૈકી કોઇ પણ એક કે બે પ્રકારના ઉદ્યોગ કરી શકાય.

### ૨. ઉત્પાદન પ્રક્રિયા :-

લાકડા રમકડા બનાવવા માટે તેના પર જરૂરી કોનર કામ નકશી કામના નાના ઓજારો દ્વારા કરી તેને રંગ રોગાન કરવામાં આવે છે. વળી તેના યાંત્રિક સાધનો જેવો આકાર આપી બાબાગાડી, સ્લાઇડીંગ ગાડી, વિગેરે નાના કદના રમકડાં બનાવી શકાય છે.

રૂના રમકડામાં રંગબરંગી રેશમી કે નાયલોનના કપડા તેમજ ઇમીટેશન શણગારનો ઉપયોગ કરી બનાવી શકાય છે.

પ્લાસ્ટીકના રમકડા તેની ડાય મુજબ ઇંજેકશન કે બ્લો મોલ્ડીંગ મશીન પર બનાવી શકાય છે.

### ૩. ઉત્પાદનક્ષમતા :-

પ્લાસટીકના રમકડા - માસિક ૨૫૦ ડઝન

લેકટના રમકડાં - માસિક ૧૦૦ ડઝન

રૂના રમકડા - માસિક ૧૫૦ ડઝન

જરૂરીયાત મુજબ હાથ કલાકારીગરી હોય વધુ ઉત્પાદન પણ મેળવી શકાય.

## ૪. પરવાના અંગેની ખાસ જરૂરીયાત :-

પરવાના અંગે ખાસ જરૂરીયાત નથી.

## ૫. સ્થાયી મૂડી રોકાણ :-

### અ. જમીન/મકાન

ઉદ્યોગ માટે ઓછામાં ઓછુ ૧૦ X ૧૦ ફુટ એટલે કે ૧૦૦ ચોફુટનું બાંધકામ વાળુ મકાન જોઇએ. જે જીલ્લા તથા તાલુકા મથકે હોય રૂ. ૭૦૦/- માસિક ભાડાથી મળી રહે.

### બ. પ્લાન્ટ/મશીનરી/સાધનો/ડાઇઝ ટુલ્સ વિ.

| અ.નં. | મશીનરીનું વર્ણન | સંખ્યા | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ઇન્જેકશન મોલ્ડીંગ મશીન ૧ અંશ ક્ષમતા-હેન્ડ ઓપરેટેડ | ૧ | રૂ. ૩,૦૦૦/- |
| ૨ | બ્લો મોલ્ડીંગ મશીન ૧ અંશ કેપેસીટી વીથ ફુટ હેન્ડ ઓપરેટેડ પંપ. (કોમ્પ્રેશર) | ૧ | રૂ. ૪,૫૦૦/- |
| ૩ | રમકડાની ડાઇઓ | ૧૦ | રૂ. ૬,૫૦૦/- |
| ૪ | સંધેડા મશીન લાકડા માટે મોટર સાથે તથા કટરો મશીન | ૧ | રૂ. ૪,૦૦૦/- |
| ૫ | સીલાઇ મશીન મોટર વગર | ૧ | રૂ. ૧,૫૦૦/- |
| ૬ | સરક્યુલર શો મશીન ટેબલ સાથે | ૧ | રૂ. ૪,૦૦૦/- |
| ૭ | સુથારી કામના નાના ઓજારો તથા સ્ક્રુ ડ્રાઇવર,હથોડી, પકડ વિગેરે | - | રૂ. ૧૦૦૦/- |
| ૮ | વીજળી ખર્ચ | - | રૂ. ૧૫૦૦/- |
| કુલ | | | રૂ. ૨૭,૦૦૦/- |

### ક. ઓફીસ ફર્નીચર વિ. :-

વર્કિંગ ટેબલ-૨, કબાટ-સ્ટુલ-૩, ખુરશી — રૂ. ૫૦૦૦/-

## ૬. કુલ સ્થાયી મૂડી રોકાણ :- રૂ. ૩૨,૦૦૦/-

## ૭. ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :-

કાચોમાલ જેવોકે લાકડુ, પ્લાસ્ટીક, દાણા, રંગના દાણા, રૂ, દોરો, કાપડ, પૂંઠા, ઇમીટેશનની

જવેલરી, લાખ, સુશોભત માટે મણકા, સ્ટીકરો વિગેરે માસનો તથા એક માસનો પગાર અને પાવર ખર્ચ
મળીને કુલ — રૂ. ૮,૦૦૦/-

## ૮. કુલ મૂડી રોકાણ :- રૂ. ૪૦,૦૦૦/-

## ૯. બેંક લોન (પ્લાન્ટ મશીનરી તથા કાર્યકારી ભંડોળ) :-

બેંક લોન ૩ માસના મોરેટીયમ પીરીયડ બાદ ૬૦ માસિક હપ્તાથી ભરપાઇ કરવાની રહે.
વ્યાજનો દર ૧૪ ટકા ગણેલ છે. — રૂ. ૪૦,૦૦૦/-

## ૧૦. આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :-

| | | |
|---|---|---|
| અ. | કાચોમાલ | રૂ. ૩૦૦૦/- |
| બ. | પગાર ખર્ચ ૪વ્યકિત x ૨૦ દૈનિક x ૨૫ દિવસ | રૂ. ૨,૦૦૦/- |
| ક. | પાવર ફ્યુઅલ ખર્ચ | રૂ. ૩૫૦/- |
| ડ. | બેંકનો હપ્તો વ્યાજ સાથે | રૂ. ૧,૧૦૦/- |
| ઇ. | પેકીંગ ખર્ચ | રૂ. ૨૫૦/- |
| ફ. | ઘસારા ખર્ચ | રૂ. ૨૫૦/- |
| જ. | રીપેર,સ્ટોર્સ, અન્ય વંપરાશી વસ્તુ વિ. | રૂ. ૩૦૦/- |
| ઝ. | મકાન ભાડું | રૂ. ૭૦૦/- |
| ઈ. | અન્ય | રૂ. ૪૫૦/- |
| | **કુલ આવર્તક ખર્ચ** | **રૂ. ૮,૪૦૦/-** |

## ૧૧. કુલ વેચાણ (માસિક) :-

| | માસિક | સરેરાશ વે. ભાવ | વેચાણ રૂ. |
|---|---|---|---|
| (૧) પ્લાસ્ટીકના રમકડા | ૨૫૦ ડઝન | ૨૫/- | ૬,૨૫૦/- |
| (૨) લાકડાના રમકડા | ૧૦૦ ડઝન | ૨૨ ડઝનના | ૨,૨૦૦/- |
| (૩) રૂના રમકડા | ૧૫૦ જોડ | ૧૦ જોડના | ૧,૫૦૦/- |
| | | | રૂ. ૯,૯૫૦/- |

## ૧૨. નફાતોટાનો અંદાજ (માસિક) :-

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | રૂ. ૯,૯૫૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ. ૮,૪૦૦/- |

ચોખ્ખા નફો માસિક રૂ. ૧,૫૫૦/-

**૧૩. અન્ય વિગતો :-**

રમકડા વિવિધ પ્રકારના દર્શાવેલ કારીગરને કામના જાણકાર હોય. અનુભવ તેમજ લાયકાત ધરાવતા હોય તેવી કોઇ પણ એક ઉદ્યોગ તો સારી રીતે કરી શકશે. તેમજ સારી રીતે કરી શકશે.

**૧૪. ખાસ નોંધ ;-**

મશીનરી તથા કાર્યકારી ભંડોળની જરૂરીયાતનો ફેરફાર ટેકનીકલ ઓફિસર અથવા ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન ઓફિસરનો અભિપ્રાય મેળવી ભલામણ કરી શકાય.

**૧૫. કાચામાલના ઉત્પાદકો/વિતરકો :-**

પ્લાસ્ટીક, લાકડુ, રૂ, મણકા, રંગીન, ચિત્રો વિગેરે તાલુકા જીલ્લા મથક તથા અમદાવાદ માંથી મળી રહે.

**૧૬. મશીનરી/સાધનો/ડાઇઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો :-**

પ્લાસ્ટીક રમકડા મશીનો તથા કાચ માટે.

(૧) રાજેન્દ્ર પ્લાસ્ટીક ઇન્ડ.ન્યુ ગાર્ડન રેસ્ટોરન્ટ,સરસપુર અમદાવાદ.

(૨) ચત્રભુજ એન્જીનીયરીંગ વર્કસ, ૧૧ કોઠારી ઇન્ડ., એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ.

(૩) કવોલીટી એન્જીનીયરીંગ વર્કસ, ૪૬ એ મુક્તારામ, બાબુ સ્ટ્રીટ, કલકત્તા - ૭૦૦૦૦૭.

(૪) પરેશ મોલ્ડઝ એન્ડ ડાય, ૬, જલારામ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,રખીયાલ અમદાવાદ.

(૫) પંચાલ એન્જીનીયરીંગ વર્કસ,સોનાવાલા એસ્ટેટ, ઇશ્વભાઇ પટેલ રોડ ગોરેગાવ,મુંબઇ-૬૨